# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં.૨૫  તા.૦૯-૦૬-૨૦૨૨

ફક્ત મ્યુનિ. શાળાઓ માટે જ :-

વિષય :   જિલ્લા આંતરીક બદલીઓ કોમ્પ્યુટરાઈઝ સિસ્ટમથી કરવા બાબત.

સંદર્ભ :   ૧. ક્રમાંક:પ્રાશિનિ/ક-નીતિ/૨૦૨૨/૪૯૫૪-૫૦૦૭ તા.૦૮-૦૬- ૨૦૨૨

૨. શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક : પીઆરઈ/૧૧૨૦૧૨/૬૨૧૦૬૫/ક (પાર્ટ-૧) તા.૦૧-૦૪-૨૦૨૨

આથી તમામ મ્યુનિ. શાળાના મુખ્ય શિક્ષકશ્રીઓને ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે, શિક્ષણ વિભાગના સંદર્ભદર્શિત પત્ર-૨ ના ઠરાવના પ્રકરણ-K જિલ્લા આંતરીક માંગણી બદલીની જોગવાઈઓ અનુસાર પ્રાથમિક શિક્ષક/ વિદ્યાસહાયકની માંગણીની બદલીઓ કોમ્પ્યુટરાઈઝ સિસ્ટમથી ઓનલાઈન કરવાનું નિયત કરવામાં આવેલ છે. જેની વિગતો આ સાથે સામેલ છે.

બિડાણ :  સંદર્ભિત પત્ર

તા.૦૯-૦૬-૨૦૨૨

ડૉ.એલ.ડી.દેસાઇ
શાસનાધિકારી

ક્રમાંકઃપ્રાશિનિ/ક-નીતિ/2022/4954-5007
પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી,
બ્લોક નં.12/1, ડૉ.જીવરાજ મહેતા ભવન,
ગુ.રા.ગાંધીનગર તા. 8 /06/2022

પ્રતિ,
- જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી,તમામ
- શાસનાધિકારીશ્રી,તમામ

વિષયઃ- જિલ્લાની આંતરીક બદલીઓ કોમ્પ્યુટરાઈઝ સિસ્ટમથી કરવા બાબત.
સંદર્ભઃ- શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક:પીઆરઈ/112012/621065/ક (પાર્ટ-1) તા.01/04/2022

ઉપરોક્ત વિષય અને સંદર્ભ પરત્વે જણાવવાનું કે, શિક્ષણ વિભાગના સંદર્ભદર્શિત ઠરાવના પ્રકરણ-K જિલ્લા આંતરીક માંગણી બદલીની જોગવાઈઓ અનુસાર પ્રાથમિક શિક્ષક/વિદ્યાસહાયકની માંગણીની બદલીઓ કોમ્પ્યુટરાઈઝ સિસ્ટમથી ઓનલાઈન કરવાનું નિયત કરવામાં આવેલ છે. તમામ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી/શાસનાધિકારીશ્રીઓએ સદર ઠરાવનો પૂરતો અભ્યાસ કરી લાગુ પડતી જોગવાઈઓ અનુસાર નીચે મુજબની તારીખોમાં આંતરીક બદલી કેમ્પની કાર્યવાહી હાથ ધરવાની રહેશે.

ઓનલાઈન શિક્ષક બદલી કાર્યક્રમ (પ્રથમ તબક્કો) – જૂન 2022
**Website: www.dpegujarat.in**

| ક્રમ | તારીખ | કાર્યક્રમની વિગત |
|---|---|---|
| 1 | 09/06/2022 થી 12/06/2022 (જાહેર રજા સહિત) | જિલ્લાઓ દ્વારા ખાલી જગ્યાઓની માહિતી ઓનલાઈન એન્ટર કરવાની કામગીરી |
| 2 | 13/06/2022 | ખાલી જગ્યાઓનું વેરિફિકેશન કરવાની કામગીરી DPE-GIPL |
| 3 | 14/06/2022 ના 12.00 કલાક થી 16/06/2022 ના 23.59 કલાક સુધી | શિક્ષક/વિદ્યાસહાયક દ્વારા આંતરિક બદલીઓ માટે ઓનલાઈન ફોર્મ ભરવાની કામગીરી |
| 4 | 17/06/2022 થી 19/06/2022 (જાહેર રજા સહિત) | તાલુકા દ્વારા અરજી ફોર્મ વેરિફિકેશન કરી અને જિલ્લા કક્ષાએ મંજુર અરજી વેલીડેશન માટે રજુ કરવાની કામગીરી |
| 5 | 20/06/2022 થી 22/06/2022 | જિલ્લા કક્ષાએ અરજીઓની ચકાસણી કરી એપ્રુવલ કે રીજેક્ટ કરી અને એપ્રુવલ અરજીઓ અપલોડ કરવાની કામગીરી |
| 6 | 23/06/2022 થી 26/06/2022 (જાહેર રજા સહિત) | ડેટા વેરિફિકેશન અને પ્રોસેસીંગ સમયગાળો DPE |
| 7 | 27/06/2022 અને 28/06/2022 | ઓનલાઈન શિક્ષક/વિદ્યાસહાયકોએ આંતરિક બદલીઓના હુકમ મેળવી લેવાની કામગીરી |

D:\Parthiv Raval\Other\Word File\K-NITI\Online Transfer Letter 2022.docx8

Scanned with CamScanner

## આંતરીક બદલી સમયે ધ્યાને રાખવાની બાબતોઃ-

1. જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી/શાસનાધિકારીએ www.dpegujarat.in ઉપર Default Password થી Login થવાનુ રહેશે તથા Password બદલીને ખાલી જગ્યાઓની એન્ટ્રી કરવાની રહેશે.
2. શિક્ષણ વિભાગના સંદર્ભ ઠરાવના પ્રકરણ-K(3) ની જોગવાઈ અનુસાર કેમ્પ જાહેર થાય ત્યારે તે માસની પહેલી તારીખની સ્થિતિએ વિભાગ/વિષયવાર ચોખ્ખી ખાલી જગ્યા ગણવાની રહેશે એટલે કે તા.01/06/2022 ની સ્થિતિએ ચોખ્ખી ખાલી જગ્યાઓ અપલોડ કરવાની રહેશે.
3. ખાલી જગ્યાઓ અપલોડ કરતી વખતે જિલ્લા વિભાજનમાં જે શિક્ષકો વિકલ્પ મુજબ શાળા ફાળવણીનો હુકમ કરેલ છે તેવા શિક્ષકો પૈકી છૂટા ન થયેલ હોય તે કિસ્સામાં શિક્ષકની હાલની શાળા ખાલી જગ્યા તરીકે દર્શાવવાની રહેશે. અને જે શાળામાં ફાળવણી કરવામાં આવી છે. તે જગ્યા ભરાયેલી ગણવાની રહેશે.
4. જે પ્રાથમિક શિક્ષક/વિદ્યાસહાયકની અગાઉ આંતરીક કે જિલ્લાફેરબદલી થયેલ હોય અને 10% થી વધુ ખાલી જગ્યાના કારણે છૂટા કરવામાં આવેલ ન હોય તો તેવા કિસ્સામાં મૂળ શાળાની જગ્યા ખાલી જગ્યા તરીકે દર્શાવવાની રહેશે અને બદલીની શાળામાં જગ્યા ભરેલી ગણવાની રહેશે.
5. જો કોઈ જિલ્લામાં કોઈ પણ જગ્યા માટે નામ.હાઈકોર્ટ દ્વારા વચગાળાના હુકમથી જે તે જગ્યા ખાલી રાખવા માટે હુકમ કરેલ હોય અને કેસનો આખરી ચુકાદો આવવાનો બાકી હોય તેવા કિસ્સામાં નામ.હાઈકોર્ટના આદેશાનુસાર કાર્યવાહી હાથ ધરવાની રહેશે. જેથી નામ.હાઈકોર્ટની અવમાનનો પ્રશ્ન ઉપસ્થિત ન થાય.
6. આ કચેરીના તા.19/05/2022 ના પત્ર સંદર્ભે આપના દ્વારા રજૂ કરેલ કાર્યરત શાળાઓની વિગતો અનુસાર (શાળાના નામ, શાળાના ડાયસકોડ, પે-સેન્ટરના નામ અને પે-સેન્ટરના ડાયસકોડ) ની વિગતો પુનઃ ચકાસી ખાલી જગ્યાઓ ઓનલાઈન અપલોડ કરવાની રહેશે.
7. આપના દ્વારા ખોટી શાળા/ડાયસકોડ/ખાલી જગ્યાઓ અપલોડ કરવાને કારણે જે તે પ્રાથમિક શિક્ષક/વિદ્યાસહાયક દ્વારા શાળા પસંદગી કરી લીધા બાદ બદલી હુકમનો અમલ કરવા બાબતે જો કોઈ વહીવટી કે કાયદાકીય પ્રશ્ન ઉપસ્થિત થશે તો તેની સઘળી જવાબદારી આપની રહેશે.
8. શિક્ષણ વિભાગના સંદર્ભદર્શિત ઠરાવના પ્રકરણ-G સામાન્ય સૂચનાઓના ક્રમ-14 ની જોગવાઈ મુજબ કોઈ પણ પ્રકારની માંગણીની બદલીમાં ભાગ લેનાર પ્રાથમિક શિક્ષક/વિદ્યાસહાયક પુખ્ત ઉંમર અને પુરતી સમજણ ધરાવતાં હોય તથા અન્ય ઉમેદવારને અન્યાય થવાની સંભાવના હોઈ એક વાર ઓનલાઈન માંગણીની પસંદ કરેલ જિલ્લો/શાળાનો હુકમ કોઈ પણ સંજોગોમાં રદ થઈ શકશે નહી. જેથી ખરેખર આંતરિક બદલી કરાવવા ઈચ્છતા હોય તેવા પ્રાથમિક શિક્ષક/વિદ્યાસહાયકે જ સૂચવેલ વેબસાઈટ પર ઓનલાઈન આંતરીક બદલીની અરજી કરવાની રહેશે.


(ડૉ.એમ.આઈ.જોષી)
પ્રાથમિક શિક્ષણ નિયામક
ગુ.રા. ગાંધીનગર

D:\Parthiv Raval\Other\Word File\K-NITI\Online Transfer Letter 2022.docx9

Scanned with CamScanner

# પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રીની કચેરી ,ગાંધીનગર.

## ઓનલાઇન ટીચર ટ્રાન્સફર જિલ્લા આંતરિક કેમ્પમાં અરજી કરતી સમયે ધ્યાનમાં રાખવાની બાબતો

- સૌ પ્રથમ શિક્ષકશ્રીએ તાજેતરનો પાસપોર્ટ સાઇઝ ફોટો અને સહીનો નુમનો **100 KB** માં તેમજ જે તે અગ્રતા બદલી માટેનો આધાર અગાઉથી **300 KB** માં સ્કેન કરી મોબાઇલ કે કોમ્પ્યુટરમાં સેવ કરવાનો રહેશે.
- ઓનલાઇન અરજી કરનાર શિક્ષકે પોતાની શાળાનો ડાયસકોડ, શાળાનું ડાયસ મુજબ નામ, પે સેન્ટર શાળાનો ડાયસકોડ, પે સેન્ટર શાળાના ડાયસ મુજબ નામ તેમજ SAS મુજબનો શિક્ષક કોડ અગાઉથી નોંધી લેવાનું રહેશે.
- આ ઉપરાંત તમારા જિલ્લામાં વિભાગવાર અને વિષયવાર બતાવેલી ખાલી જગ્યાઓની અગાઉથી પ્રીન્ટ મેળવી લેવી કે લખી લેવી તથા ખાલી જગ્યા મુજબની જે શાળામાં બદલીની માંગણી કરવાના હોય તે શાળા અને તેના પે.સે.નું નામ અને ડાયસકોડ મેળવી લેવાનો રહેશે.
- તેમાંથી તમારી પસંદગીની શાળાઓને અગાઉથી પસંદ કરી અગ્રતા ક્રમમાં ગોઠવી દેવી.
- ઓનલાઇન ટીચર ટ્રાન્સફર જિલ્લા આંતરિક કેમ્પમાં અરજી કરતાં સમયે સૌ પ્રથમ તમારા ઇ-મેઇલ આઇ.ડી. અને મોબાઇલ નંબરથી રજીસ્ટ્રેશન કરવાનું રહેશે. જેના માટે ટીચર ટ્રાન્સફર પોર્ટલ પર નીચે દર્શાવેલ બટન પર કલી 

- ત્યારબાદ રજીસ્ટ્રેશન માટે અરજદારે પોતાનું આખું નામ લખવાનું રહેશે. ઇ-મેલ આઇ.ડી. અને મોબાઇલ નંબર લખવાનો રહેશે. જિલ્લો અથવા નગર શિક્ષણ સમિતિ પસંદ કરવાની રહેશે. તમને યાદ રહે તેવો પાસવર્ડ લખવાનો રહેશે. પાસવર્ડ કન્ફર્મ કરવાનો રહેશે અને કેપ્ચા કોડ લખવાનો રહેશે. રજીસ્ટર બટન પર કલીક કરી રજીસ્ટ્રેશન કરવાનું રહેશે.
- રજીસ્ટર બટન પર કલીક કરતાં તમારા મોબાઇલમાં ૬ અંકનો ઓ ટી પી આવશે. સાચો ઓ ટી પી એન્ટર કરી સબમીટ બટન પર કલીક કરતાં તમારું રજીસ્ટ્રેશન થઇ જશે.
- હવે અરજદારશ્રીએ હોમ પેજ પર Login With Your Credentials માં રજીસ્ટ્રેશન કરેલ ઇ-મેલ આઇ.ડી. અને પાસવર્ડથી લોગીન થવાનું રહેશે. કેપ્ચા કોડ એન્ટર કરી લોગીન બટન પર કલીક કરતાં લોગીન થઇ જશો.
- જો લોગીન ન થવાય તો હોમ પેજ પર સૌથી નીચે Forgot Password ? પર કલીક કરતાં તમારો મોબાઇલ નંબર લખતાં પાસર્વડ તમારા મોબાઇલમાં આવી જશે.
- લોગીન થતાંની સાથે જ તમારા નામ સાથેનું પેજ ખુલી જશે. જેમાં તમારું પુરૂં નામ, મોબાઇલ નંબર અને ઇ-મેલ આઇ.ડી. આવી જશે. બાકીની માહિતી તમારે કાળજીપૂર્વક ભરવાની રહેશે.
- સૌ પ્રથમ શાળાનો પ્રકાર પસંદ કરવાનો રહેશ. જેમાં પ્રાથમિક શાળા કે ઉચ્ચતર પ્રાથમિક શાળા બતાવશે, તેમાંથી તમારો સાચો વિભાગ પસંદ કરવાનો રહેશે.

- ત્યારબાદ જો તમે પ્રાથમિક શાળા પસંદ કરેલ હશે તો બાજુમાં વિષયમાં ધો. ૧ થી ૫ પસંદ કરવાનું રહેશે અને જો તમે ઉચ્ચતર પ્રાથમિક શાળા  પસંદ કરેલ હશે તો બાજુમાં વિષયનું નામ ભાષા કે ગણિત-વિજ્ઞાન કે સામાજિક વિજ્ઞાન માંથી તમારો વિષય પસંદ કરવાનો રહેશે.
- જાતિ પુરૂષ કે સ્ત્રી પસંદ કરવાનું રહેશે.
- શૈક્ષણિક લાયકાતમાં તમારી શૈક્ષણિક લાયકાત જે હોય તે પસંદ કરવાની રહેશે.
- તાલીમી લાયકાતમાં તમારી તાલીમી લાયકાત જે હોય તે પસંદ કરવાની રહેશે.
- ત્યારબાદ તમારી જન્મ તારીખ પસંદ કરવાની રહેશે.
- માધ્યમ પસંદ કરવાનું રહેશે.
- ત્યારબાદ હાલની શાળાનો સાચો ડાયસકોડ લખવાનો રહેશે અને શાળાનું નામ લખવાનું રહેશે.
- તાલુકાનું નામ પસંદ કરવાનું રહેશે. ગામનું નામ લખવાનું રહેશે તેમજ પે સેન્ટર શાળાનો ડાયસકોડ અને નામ લખવાનું રહેશે.
- ત્યારબાદ તમારે તમારી ખાતામાં દાખલ  થયા તારીખ આધારો મુજબની લખવાની રહેશે અને હાલની શાળાની તારીખ પણ આધારો મુજબની લખવાની રહેશે. હાલની શાળાની તારીખમાં જો વધ બદલીથી આવ્યા હોય તો હાલની શાળાની તારીખ જ લખવાની રહેશે તથા ઉચ્ચ પ્રાથમિક શિક્ષક માટે  વિકલ્પ લઇને પોતાની અથવા બીજી શાળામાં જગ્યા સ્વીકારી હોય તો તેવા શિક્ષકોની જે શાળામાંથી વિકલ્પ આપેલ છે તે શાળાની શાળા દાખલ તારીખ લખવાની રહેશે.
- ત્યારબાદ ભુતકાળમાં અગ્રતા બદલીનો લાભ લીધેલ છે તેમાં ભરતી સમયે સ્થળ પસંદગી કેમ્પમાં કે અગાઉ બદલી કેમ્પમાં લાભ લીધેલ હોય તો હા લખી બાજુમાં સ્થાનાંતરણના પ્રકારમાં સામાન્ય સિનીયોરીટી  પસંદ કરવાનું રહેશે. જો ભુતકાળમાં અગ્રતા બદલીનો લાભ ના  લીધેલ  હોય તો બાજુમાં સ્થાનાંતરણના પ્રકારમાં વિધવા / અપંગ / દંપતિ / વાલ્મિકી / સામાન્ય  સિનીયોરીટી   તેમાંથી જે યોગ્ય હોય તે પસંદ કરવાનું રહેશે.
- વિધવાના કિસ્સામાં પિયર કે સાસરીના ગામની શાળામાં **ઉપલબ્ધ** ખાલી જગ્યા હોય તો તે શાળાની જગ્યા પસંદ કરવાની રહેશે  જો તે શાળામાં **ઉપલબ્ધ** ખાલી જગ્યા ના હોય તો  તે શાળાના પગાર કેન્દ્રની શાળાઓની **ઉપલબ્ધ** ખાલી જગ્યા  અને  જો પગાર કેન્દ્રની શાળાઓમાં **ઉપલબ્ધ** ખાલી જગ્યાઓ ના હોય તો  તે શાળાના તાલુકાની શાળાઓની **ઉપલબ્ધ** ખાલી જગ્યાઓ પસંદ કરવાની રહેશે.
- દંપતિના કિસ્સામાં શિક્ષક દંપતિ / સરકારી દંપતિમાંથી  જે હોય તે પસંદ કરવાનું રહેશે. સરકારી નોકરીના પ્રકારમાં પંચાયત, ભારત સરકારના ખાતા, ગુજરાત સરકારના ખાતા, ભારત સરકારના બોર્ડ/કોર્પોરેશન, ગુજરાત સરકારના બોર્ડ/કોર્પોરેશનશન કે અન્ય ગુજરાત સરકારના ખાતાઓ જે  હોય તે પસંદ કરવાનું રહેશે.
- ત્યારબાદ પતિ/પત્ની ફરજ બજાવતા હોય તે કચેરી/સંસ્થા/શાળાનું નામ **લખવાનું રહેશે. તાલુકો પસંદ કરવાનો રહેશે.**

- **શિક્ષક પતિ કે પત્ની દંપતિ અગ્રતામાં લાભ લેવા માંગતા હોય તો સૌ પ્રથમ એક બીજાની શાળમાં ઉપલબ્ધ ખાલી જગ્યા' હોય તો તે પસંદ કરવાની રહેશે** જો તે શાળામાં **ઉપલબ્ધ** ખાલી જગ્યા ના હોય તો તે શાળાના પગાર કેન્દ્રની શાળાઓની **ઉપલબ્ધ** ખાલી જગ્યા અને જો પગાર કેન્દ્રની શાળાઓમાં **ઉપલબ્ધ** ખાલી જગ્યાઓ ના હોય તો તે શાળાના તાલુકાની શાળાઓની **ઉપલબ્ધ** ખાલી જગ્યાઓ પસંદ કરવાની રહેશે.
- જો ઉપર મુજબ ખાલી જગ્યા ના હોય તો અને પતિ તથા પત્ની બંને જીલ્લાના અન્ય તાલુકાઓની બે કે તેથી વધુ **ઉપલબ્ધ** ખાલી જગ્યા વાળી શાળા પસંદ કરવા માંગતા હોય તેવા સમયે શિક્ષક દંપતિ બન્ને બદલી માટે અરજીની વિગતોમાં એપ્લિકેશન નંબર બંનેની અરજીમાં એક બીજાનો લખવાનો રહેશે તથા પગાર કેન્દ્ર ડાયસકોડ લખવાનો રહેશે.
- **શિક્ષક પતિ - પત્ની દંપતિ અગ્રતામાં લાભ લેવા ના માંગતા હોય તો** સામાન્ય સિનીયોરીટીના આધારે બદલીનો લાભ મેળવી શકશે.
- ત્યારબાદ Upload Photograph/Signature વિભાગમાં નીચેની સુચનાઓ ધ્યાને લઇ તમારો તાજેતરનો સ્કેન પાસપૉટ ફોટો અને સહી Drag and drop a file here or click કરી ફોટો કે સહી પસંદ કરી અપલોડ બટન પર કલીક કરી અપલોડ કરવાનો રહેશે. અપલોડ થતાં પ્રિવ્યુ ગ્રીન કલરનું બતાવશે.
    1. Photo સ્કેન કરીને JPG/JPEG/PNG ફોરમેટ માં અપલોડ કરવો
    2. Photo નું માપ ૫ સે.મી લંબાઈ અને ૩.૬ પહોળાઇ અને Signature નું માપ ૨.૫ સે.મી લંબાઈ અને ૭.૫ પહોળાઇનું હોવું જોઈએ.
    3. જો Photo અને Signature ની Size 100 KB થી વધી જાયતો Scanner ના DPI Resolution ના સેટિંગ બદલી ને ફરીથી સ્કેન કરવું
    4. Signature માટે સફેદ કાગળ ઉપર કાળીબ્લ્યુ કલરમાં સહી કરીને તેને સ્કેન કરી ને JPG/JPEG/PNG ફોરમેટમાં અપલોડ કરો
- આ ઉપરાંત જો અગ્રતા આધારિત બદલી મેળવવાની થતી હોય તો વિધવા માટે પતિના મૃત્યુનો દાખલો અને સ્ટેમ્પ પેપર પર વિધવા હોવા અંગેનું સોગંધનામું, અપંગ માટે સિવિલ સર્જનનું પ્રમાણપત્ર, દંપતિ માટે લગ્ન નોંધણીનું પ્રમાણપત્ર, વાલ્મિકી માટે વાલ્મિકી હોવા અંગેનું પ્રમાણપત્ર **300 KB** માં અપલોડ કરવાનું રહેશે.
- **ત્યારબાદ** ☑ આથી હું બાહેંધરી આપું છું કે ફોર્મ માં મારી વિગત સાચી છે. જો ચકાસણી દરમ્યાન આ વિગતો ખોટી પુરવાર થશે તો ફોર્મ રદ ગણાશે તથા મને જે પસંદગીની શાળાનો બદલી હુકમ મળેલ હશે તે બદલી રદ ગણાશે તથા મારી સામે જે પણ કાર્યવાહી કરવામાં આવશે તે માન્ય રહેશે. તેની પર કલીક કરવાની રહેશે.
- ત્યારબાદ સેવ અને નેકસ્ટ બટન પર કલીક કરતાં તમારી Teacher Details મેનુની માહિતી સેવ થઇ જશે.ત્યારબાદ School Priority મેનુ પર કલીક કરતાં ડાબી બાજુ **School List(SchoolName - Taluka - PayCenter)** માં તમારા વિભાગ / વિષય મુજબની ખાલી જગ્યાઓ બતાવશે, જેમાં શાળાનું નામ, તાલુકો

અને પે સેન્ટર શાળાનું નામ બતાવશે. જેની પર કલીક કરતાં તે જમણી બાજુ **Selected School List** માં ઓટોમેટીક જતી રહેશે.

- **Selected School List** માં તમે શાળાઓના અગ્રતા ક્રમ બદલી શકશો. તમારી પસંદગી મુજબ શાળાઓને પહેલાં થી છેલ્લાં ક્રમમાં ગોઠવો.
- ત્યારબાદ ☑ ઉપરોક્ત પસંદ કરેલ જગ્યાઓ પૈકી જે શાળા નો હુકમ મને મળશે તે કોઈ પણ કારણોસર રદ થશે નહિ જેનો હું બાહેંધરી આપું છું. તેની પર કલીક કરવાની રહેશે.
- ત્યારબાદ સેવ સ્કુલ સિલેકશન પર કલીક કરતાં તમારી School Priority મેનુની માહિતી સેવ થઇ જશે.
- ત્યારબાદ બાજુમાં Application Preview મેનુ પર કલીક કરતાં તમે કરેલી અરજીની તમામ વિગતો દર્શાવશે. જેની બરાબર ચકાસણી કરી લો કે તમામ વિગતો સાચી છે કે કેમ? જો ખોટી હોય કે સુધારવી હોય તો Final Submission પર કલીક કરવું નહીં અને આગળના જે તે મેનુમાં જઇ માહિતીમાં સુધારો કરવો.
- જો કોઇ સુધારો ન હોય તો Final Submission બટન પર કલીક કરતાં તમારી અરજી કન્ફર્મ થઇ જશે, ત્યારબાદ અરજીમાં કોઇ સુધારો કરી શકાશે નહીં અને જમણી બાજુ ખુણામાં Application Print બટન પર કલીક કરતાં તમે અરજીની પ્રીન્ટ મેળવી શકશો.
- અરજીની પ્રીન્ટ આઉટ લઇ તેની સાથે નીચે જણાવેલ આધારો જોડી તમારી અરજી તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રીની કચેરીએ નિયત સમય મર્યાદામાં જમા કરાવવાની રહેશે.

૧. હાલની શાળાની શાળા દાખલ તારીખ તથા જન્મ તારીખ લખેલ શાળાના આચાર્યની સહી સિક્કા વાળો જાવક નંબર તથા તારીખ દર્શાવેલ દાખલો.

૨.વહીવટી કારણોસર મોડા છુટા / હાજર થયેલ હોય અને બદલીમાં હુકમની તારીખની સિનીયોરીટીનો લાભ લેવા માંગતા હોય તો તેવા કિસ્સામાં સંબંધિત તાલુકા પ્રાથમિક શિક્ષણાધીકારીના સહી સિક્કા વાળો જાવક નંબર તથા તારીખ દર્શાવેલ દાખલો

૩. ઉચ્ચ પ્રાથમિકનો વિકલ્પ લઇ પોતાની કે અન્ય શાળામાં ગયા હોય અને મુળ શાળાની દાખલ તારીખનો લાભ લેવા માંગતા હોય તો જે શાળામાંથી વિકલ્પ લીધેલ હોય તે શાળાના મુખ્ય શિક્ષકના સહી સિક્કા વાળો જાવક નંબર તથા તારીખ દર્શાવેલ દાખલો

**અગ્રતાના કિસ્સામાં ઉપરના લાગુ પડતા દાખલા ઉપરાંત નીચેનામાંથી લાગુ પડતા આધારો અરજી સાથે જોડવાના રહેશે.**

(૧) વિધવા

- પતિના અવસાનનું પ્રમાણપત્ર
- હાલ વિધવા હોવા બાબતે સ્ટેમ્પ પેપર પરનું સોગંધનામુ
- પિયર/સાસરી હોવ અંગેનું પ્રમાણ

(૨) દિવ્યાંગ

- ૪૦ ટકા કે તેથી વધુ દિવ્યા;ગતા ધરાવતા હોવા બાબતનું સીવીલ સર્જનશ્રીનું પ્રમાણપત્ર

(૩) દંપતિ

- લગ્નનોંધણી રજીસ્ટ્રારશ્રીએ આપેલ લગ્નનોંધણી પ્રમાણપત્ર
- જો શિક્ષક દંપતિ હોય તો તેમના પતિ/પત્ની હાલ જે શાળામાં ફરજ બજાવતા હોય તે શાળાના મુખ્યશિક્ષકનું પ્રમાણપત્ર
- જો તે સરકારી દંપતિ હોય તો તેમના પતિ/પત્ની હાલ જે જગ્યા પર/કચેરીમાં ફરજ બજાવતા હોય તેના વડાએ આપેલ નોકરી બાબતનું તથા તેમની કચેરી કેન્દ્ર/રાજ્ય સરકાર કે તેના બોર્ડ/કોર્પોરેશન હેઠળ છે તે બાબતનું પ્રમાણપત્ર

(૪) વાલ્મીકી

- વાલ્મીકી જ્ઞાતિના હોવા બાબતનું સક્ષમ સત્તાધિકારીનું પ્રમાણપત્ર

પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી
ગુ.રા., ગાંધીનગર
05 APR 2022
આવક નં. ૬૩૧૩૫

વિદ્યાસહાયક/પ્રાથમિક શિક્ષક/ઉચ્ચ પ્રાથમિક શિક્ષક/મુખ્ય શિક્ષકના બદલીના નિયમો બાબત.

ગુજરાત સરકાર

શિક્ષણ વિભાગ

ઠરાવ ક્રમાંક : પીઆરઈ/૧૧૨૦૧૨/૬૨૧૦૬૫/ક (પાર્ટ-૧)

સચિવાલય, ગાંધીનગર.

તારીખ ૦૧/૦૪/૨૦૨૨

વંચાણે લીધા :

૧. શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક:પીઆરઈ/૧૪૨૦૧૦/૨૪૨૦૭૬/ક તા.03/0૬/૨૦૧૦
૨. શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક:પીઆરઈ/૧૧-૨૦૧૨/૩૧૪૭૭૬/ક તા.૨૩/૦૫/૨૦૧૨
૩. શિક્ષણ વિભાગના સુધારા ઠરાવ ક્રમાંક : પીઆરઈ/૧૧-૨૦૧૨/૩૧૪૭૭૬/ક તા.૦૭/૦૯/૨૦૧૩
૪. શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક : પીઆરઈ/૧૧-૨૦૧૨/૬૨૧૦૬૫/ક તા.૧૮/૦૨/૨૦૧૪
૫. શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક : પીઆરઈ/૧૧-૨૦૧૨/૫૨૦૩૬/ક તા.૧૯/૦૨/૨૦૧૪
૬. શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક : પીઆરઈ/૧૧-૨૦૧૨/૬૨૧૦૬૫/ક તા.૦૫/૦૭/૨૦૧૪
૭. શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક : પીઆરઈ/૧૧-૨૦૧૨/૬૨૧૦૬૫/ક તા.૦૨/૦૮/૨૦૧૪
૮. શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક : પીઆરઈ/૧૧૧૦/૨૨૩/ક તા.૨૧/૦૧/૨૦૧૪
૯. શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક : પીઆરઈ/૧૧-૨૦૧૪/૩૫૭૨૨૭/ક તા.૧૭/03/૨૦૧૫
૧૦.શિક્ષણ વિભાગના પત્ર ક્રમાંક : પીઆરઈ/૧૧૧૫/૮૮૨/ક તા.૨૩/૦૨/૨૦૧૬
૧૧.શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક : પીઆરઈ/૧૧-૨૦૧૨/૬૨૧૦૬૫/ક તા.૨૭/૦૪/૨૦૧૬
૧૨.શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક : પીઆરઈ/૧૧૨૦૧૫/સી.ફા.૯/ક તા.૨૮/૦૪/૨૦૧૬
૧૩.શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક : પીઆરઈ/૧૧/૨૦૧૫/સી.ફા.૨/ક તા.૧૬/૦૫/૨૦૧૬
૧૪.શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક :પીઆરઈ/૧૧૨૦૧૨/૬૨૧૦૬૫/ક તા.૨૯/૦૭/૨૦૧૬
૧૫.શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક : પીઆરઈ/૧૧૨૦૧૭/સી.ફા.-૨૩/ક તા.30/૦૮/૨૦૧૭
૧૬.શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક : પીઆરઈ/૧૧૧૮/સી.ફા.૨/ક તા.૦૯/૦૫/૨૦૧૮
૧૭.શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક : પીઆરઈ/૧૧૨૦૧૨/૬૨૧૦૬૫/ક તા.૧૧/૦૫/૨૦૧૮
૧૮.શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક : પીઆરઈ/૧૧૨૦૧૨/૬૨૧૦૬૫/ક તા.૨૧/૦૮/૨૦૧૮
૧૯.શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક : પીઆરઈ/૧૧૧૨/૩૧૪૬૬૯/ક. (પાર્ટ-૨) તા.૦૯/૧૦/૨૦૧૯
૨૦.શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક : પીઆરઈ/૧૧૨૦૧૨/૬૨૧૦૬૫/ક તા.૨૫/૧૦/૨૦૧૯
૨૧.શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક : પીઆરઈ/૧૧૨૦૧૨/૬૨૧૦૬૫/ક (પાર્ટ-૧) તા.૦૫/૦૬/૨૦૨૦



Scanned with CamScanner

| | |
|---|---|
| | કરવાની રહેશે અને તે મુજબ સ્થળ પસંદગી કરવાની રહેશે. |
| (૩) | જો કેમ્પમાં વિદ્યાસહાયક/શિક્ષક સ્થળ પસંદગીમાં અસંમતિ દર્શાવે અથવા કેમ્પમાં ગેરહાજર રહે તો તેનો જે તે વર્ષ માટે હકક દાવો રદ થશે. પરંતુ તેઓનો કાયમી હકક રદ થશે નહી તે બીજી વખત વિકલ્પની માંગણી કરી શકશે. જે તે વર્ષે વિકલ્પ કેમ્પ પૂર્ણ થયા બાદ જો કોઈ જગ્યા ઉપલબ્ધ ન હોય તો પેન્ડીંગ તમામ અરજીઓ રદ ગણાશે. તેઓ નવા કેમ્પ વખતે ફરી અરજી કરવાની રહેશે. |
| (૪) | ઉચ્ચ પ્રાથમિક વિભાગ (ધોરણ-૬થી૮) નો વિકલ્પ પસંદ કરનાર વિદ્યાસહાયક/ શિક્ષક પુખ્ત ઉમંર અને પુરતી સમજણ ધરાવતાં હોય અને જાતે વિકલ્પ આપી શાળા પસંદ કરતાં હોય છે. તેથી આપેલ વિકલ્પ તથા વિકલ્પથી પસંદ કરેલ શાળાનો હુકમ કોઇ પણ સંજોગોમાં રદ થઇ શકશે નહી. એટલે કે વિકલ્પ લીધેલ વિદ્યાસહાયક/ શિક્ષક ધોરણ-૧ થી ૫ મા પરત આવી શકશે નહી. |
| (૫) | વિકલ્પને માંગણીની બદલી ગણવાની રહેશે. જેથી તે જે તે શાળામાથી ૩(ત્રણ) વર્ષ સુધી આંતરિક માંગણીની તથા આંતરિક અરસ-પરસ બદલી અને ૫(પાંચ) વર્ષ સુધી જિલ્લાફેર એકતરફી અને જિલ્લા અરસ-પરસ બદલીની માંગણી કરી શકશે નહી. |
| (૬) | આ ઠરાવની તારીખ પહેલા જે વિદ્યાસહાયક/શિક્ષક એ ધોરણ-૬ થી ૮ નો વિકલ્પ લઈ ઉચ્ચ પ્રાથમિકમાં ફરજ બજાવતાં હોય તેમણે રાજય પરીક્ષા બોર્ડ દ્વારા લેવામાં આવતી જે તે વિષય/માધ્યમની શિક્ષક યોગ્યતા પરીક્ષા (TET-2) પાસ કરવાની રહેશે નહી. |
| **પ્રકરણ-K** | |
| **જિલ્લાની આંતરિક માંગણી બદલી :-** | |
| (૧) | આંતરિક બદલી કેમ્પમાં પ્રકરણ-(E) (અ) માં દર્શાવેલ અગ્રતાના ક્રમ મુજબ અગ્રતાનો લાભ આપવાનો રહેશે. |
| (૨) | નિયામકશ્રી પ્રાથમિક શિક્ષણ નક્કી કરે તે માસની પહેલી તારીખે જીલ્લામાં ખાલી પડેલ તમામ જગ્યાઓ વિભાગ/વિષય મુજબ જિલ્લામાં આંતરિક બદલીથી ભરી શકાશે. જેમાં આ ઠરાવના અગ્રતા પ્રકરણ (E) ની જોગવાઈ તથા શ્રેયાનતાના ધોરણે જિલ્લા/તાલુકામાં આંતરિક બદલીથી ભરવાની રહેશે. |
| (૩) | સદર બદલીઓ ઓનલાઇન પદ્ધતિથી કરવાની રહેશે. જિલ્લાની આંતરિક ઓનલાઇન બદલી નિયામકશ્રી પ્રાથમિક શિક્ષણ નકકી કરે ત્યારે કરવાની રહેશે. જયારે બદલી કેમ્પ જાહેર થાય ત્યારે તે માસની પહેલી તારીખની સ્થિતિએ વિભાગ/વિષયવાર ચોખ્ખી ખાલી જગ્યા ગણવાની રહેશે. તાલુકાવાર ખાલી જગ્યાઓની પુરતી ચકાસણી કરવાની જવાબદારી તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારીની રહેશે અને સંકલિત કરી |



Scanned with CamScanner

| | |
|---|---|
| | તથા ખરાઈ કરીને ઓનલાઇન અપલોડ કરવાની જવાબદારી સબંધિત જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી/શાસનાધિકારીની રહેશે. |
| (૪) | (અ) પ્રાથમિક/ઉચ્ચ પ્રાથમિક વિભાગ માટે જે તે જિલ્લાની તાલુકાવાર ખાલી જગ્યાવાળી શાળાઓની યાદી મુજબ તૈયાર કરી ઓનલાઇન કરવાની રહેશે. ઉચ્ચ પ્રાથમિક વિભાગમાં વિષયવાર જગ્યાઓ દર્શાવવાની રહેશે. (૧. ભાષા, ૨. ગણિત-વિજ્ઞાન, ૩. સામાજિક વિજ્ઞાન)<br>(બ) મુખ્યશિક્ષક વિભાગ માટે જિલ્લા/નગર શિક્ષણ સમિતિના મુખ્ય શિક્ષકની આવેલ ઓનલાઇન અરજીઓમાંથી માન્ય રહેલ કુલ અરજીઓની સંખ્યા જેટલી જ શાળાઓના નામ સાથેની વિગતવાર જગ્યાઓ પોર્ટલ પર સંબંધિત અધિકારીએ અપલોડ કરવાની રહેશે. આ રીતે જગ્યાઓ અપલોડ કરતી વખતે સૌથી વધુ વિદ્યાર્થી સંખ્યા ધરાવતી શાળાઓના ઉતરતા ક્રમમાં જગ્યાઓ અપલોડ કરવાની રહેશે. આમ કરતાં માન્ય અરજીઓની સંખ્યા કરતાં જિલ્લા/નગર શિક્ષણ સમિતિમાં ખાલી જગ્યાઓની સંખ્યા વધારે હોય તો તેટલી જગ્યાઓ ઓછી બતાવવાની રહેશે. દા.ત. કોઈ 'એક્સ' જિલ્લામાં માન્ય અરજીઓની સંખ્યા ૩૫ છે અને તે જિલ્લામાં મુખ્ય શિક્ષકની મંજૂર જગ્યાઓ પૈકી ખાલી જગ્યાઓની સંખ્યા ૪૦ છે. આ સંજોગોમાં સૌથી વધુ વિદ્યાર્થી સંખ્યાના ઉતરતા ક્રમમાં શાળાઓને ગોઠવતાં ઓછી સંખ્યા ધરાવતી છેલ્લી ૫ (પાંચ) શાળાઓ પોર્ટલ પર બતાવવાની રહેશે નહીં. પરંતુ, જો માન્ય અરજીઓની સંખ્યા જિલ્લાની કુલ ખાલી જગ્યાઓ કરતાં વધુ હોય તો તમામ જગ્યાઓ બતાવવાની રહેશે. બદલીની અરજી કરનાર મુખ્ય શિક્ષક એ પોર્ટલ પર બતાવેલ જગ્યાઓ પૈકી શાળા પસંદગી કરવાની રહેશે. જેથી જિલ્લામાં ઓછી સંખ્યા ધરાવતી શાળા માટે તેઓ દાવો કરી શકશે નહીં. |
| (૫) | સબંધિત જગ્યામાં આંતરિક બદલી કરાવવા ઇચ્છતા વિદ્યાસહાયક/શિક્ષક/ મુખ્યશિક્ષક માટે ઓનલાઇન બદલી કાર્યક્રમની નિયામકશ્રી પ્રાથમિક શિક્ષણ એ દૈનિક વર્તમાનપત્રમાં જાહેરાત આપવાની રહેશે. |
| (૬) | જે વિદ્યાસહાયક/શિક્ષક/મુખ્યશિક્ષક આંતરિક બદલી કરાવવા ઇચ્છતા હોય તેઓએ સૂચવેલ વેબસાઇટ/વેબપોર્ટલ પર માંગેલ વિગતો ભરી ઓનલાઇન અરજી સબમીટ કરવાની રહેશે. |
| (૭) | સબમીટ થયેલી અરજીની બે પ્રિન્ટ કાઢી કચેરીની નકલ સબંધિત તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારીને જરૂરી આધાર-પુરાવા જોડીને રજૂ કરવાની રહેશે. |
| (૮) | સબંધિત તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારીએ પોતાના લોગઈનમાં જઈ જરૂરી આધાર-પુરાવાની ચકાસણી કરી અરજી સ્વીકાર્યા અંગેની પહોંચ સબંધિત વિદ્યાસહાયક/ |



Scanned with CamScanner

| | |
|---|---|
| | શિક્ષક/મુખ્યશિક્ષકને આપવાની રહેશે. તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારી એ જો અમાન્ય હોય તો પોતાના લોગઈનમાં જઈ તે માટેનાં કારણો ઓનલાઈન નોંધવાના રહેશે તથા દિન-૨ માં માન્ય/અમાન્ય તમામ અરજીઓ ઓનલાઈન તથા હાર્ડકોપી જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીને મોકલી આપવાની રહેશે. |
| (૯) | વિદ્યાસહાયક/શિક્ષક/મુખ્યશિક્ષકે અમાન્ય થયેલ અરજી સામે જો વાંધો હોય તો તેમનો વાંધો દિન-૨ માં આધાર-પુરાવા સાથે જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીને રજૂ કરવાનો રહેશે. |
| (૧૦) | સબંધિત જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીને અરજીઓ બાબતે જો કોઇ વાંધો રજૂ થયેલ હોય તો તે અંગે નિયમોનુસાર નિર્ણય લઇ તેઓને આપેલ પોતાના જિલ્લાના લોગઇનમાં જઇ વાંધાવાળી તથા બીજી આવેલ તમામ અરજીઓ અંગે ખરાઇ કરી તેનો માન્ય કે અમાન્યનો સ્પષ્ટ નિર્ણય કરી આગળની કાર્યવાહી કરવાની રહેશે. |
| (૧૧) | ઉપર મુજબની કામગીરી પૂર્ણ થયા બાદ વેબસાઇટ/વેબપોર્ટલમાં નિયમોનુસાર બદલીપાત્ર સબંધિત વિદ્યાસહાયક/શિક્ષક/મુખ્યશિક્ષકના બદલી ઓર્ડર તૈયાર થશે. |
| (૧૨) | બદલી માટે નિયમોનુસાર બદલીપાત્ર થતા વિદ્યાસહાયક/શિક્ષક/મુખ્યશિક્ષકોએ વેબસાઇટ/વેબપોર્ટલ ઉપરથી બદલી ઓર્ડરની પ્રિન્ટ જાતે મેળવી લેવાની રહેશે. |
| (૧૩) | જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીએ જનરેટ થયેલ તમામ બદલી હુકમની નકલો તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારીને ઈ-મેઈલ થી મોકલી આપવાની રહેશે અને ફાઇલે રાખવાની રહેશે તથા તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારીએ ખરાઈ કરવાની રહેશે અને તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારીએ તેની એક નકલ પોતાના તાલુકાની જે શાળામાં વિદ્યાસહાયક/શિક્ષક/મુખ્યશિક્ષકની બદલી થઇને આવતા હોય તે શાળાના મુખ્ય શિક્ષકને ૩(ત્રણ) દિવસમા આપવાની રહેશે. આવા તમામ બજાવેલ હુકમની સબંધિત મુખ્યશિક્ષકને મળ્યા મુજબની પહોંચ નિભાવવાની રહેશે. |
| (૧૪) | મુખ્યશિક્ષકે તે નકલ અને બદલાઇને આવનાર વિદ્યાસહાયક/શિક્ષક/મુખ્યશિક્ષક એ રજૂ કરેલ હુકમની નકલની ખરાઇ કરી સબંધિત વિદ્યાસહાયક/શિક્ષક/મુખ્યશિક્ષકને હાજર/છૂટા કરવાના રહેશે. તે દરમ્યાન મુખ્યશિક્ષકને હુકમ મળ્યા પહેલા કોઇ વિદ્યાસહાયક/શિક્ષક/મુખ્યશિક્ષક હાજર/છૂટા થવા આવે તો વિદ્યાસહાયક/શિક્ષક/મુખ્યશિક્ષક એ રજૂ કરેલ હુકમના આધારે હાજર કરવાના રહેશે. હાજર/છૂટા કર્યા બાદ આવાં હુકમની ખરાઇ કરવાની રહેશે. અરજી સમયે રજૂ કરેલ દસ્તાવેજ કે ઓનલાઇન બદલી હુકમ બનાવટી સાબિત થાય તો બનાવટી હુકમ રજૂ કરનાર વિદ્યાસહાયક/શિક્ષક/મુખ્યશિક્ષક વિરૂદ્ધ સબંધિત શાળા/તાલુકાના અનુક્રમે મુખ્યશિક્ષક, તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારીએ તત્કાલ પોલીસ ફરીયાદ |



may

Scanned with CamScanner

| | |
|---|---|
| | દાખલ કરવાની રહેશે અને મુખ્ય શિક્ષકે તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારીને રીપોર્ટ કરવાનો રહેશે. તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારીએ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીને વિગતવાર પોતાના સ્પષ્ટ અભિપ્રાય સાથે અહેવાલ રજૂ કરવાનો રહેશે તથા જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીએ સબંધિત વિદ્યાસહાયક/શિક્ષક/મુખ્ય શિક્ષક વિરૂદ્ધ ખાતાકીય, શિસ્ત વિષયક કાર્યવાહી કરવાની રહેશે. |
| (૧૫) | ઓનલાઇન બદલી પ્રક્રિયામાં કોઇપણ વહીવટી ક્ષતિ ઉભી થયે જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી નિર્ણય લેશે અને ટેકનીકલ ક્ષતિ ઉભી થાય તો તેનો આખરી નિર્ણય પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રીએ લેવાનો રહેશે. |
| (૧૬) | વેબસાઇટ/વેબપોર્ટલમા ઓનલાઇન બદલી હુકમમાં જે તે જિલ્લાના જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીની પ્રિન્ટ થયેલી સહી માન્ય ગણાશે. |
| (૧૭) | નગરપાલિકા/મહાનગર પાલિકા વિસ્તારની નગર શિક્ષણ સમિતિઓ માટે શાસનાધિકારીશ્રીએ ઉપર મુજબની કાર્યવાહી કરવાની રહેશે. |
| (૧૮) | વિદ્યાસહાયક/શિક્ષક/મુખ્યશિક્ષક દંપતિના કિસ્સામાં માંગણીવાળી બદલીઓમાં જે તે વિભાગના જ પતિ-પત્ની હોય તે જરૂરી નથી. પરંતુ જે વિભાગ/વિષયના હોય તે વિભાગ/વિષયની પતિ કે પત્નીની શાળામાં ખાલી જગ્યા હોય તો પ્રથમ પસંદગી આપવાની રહેશે. જો શાળામાં ખાલી જગ્યા ન હોય તો પગારકેન્દ્રની શાળામાં તે વિભાગ/વિષયની ઉપલબ્ધ ખાલી જગ્યા વાળી શાળામાં પસંદગી આપવાની રહેશે. જો પગારકેન્દ્રની શાળાઓમાં ખાલી જગ્યા ન હોય તો તાલુકાની શાળામાં જે તે વિભાગ/વિષયની ઉપલબ્ધ ખાલી જગ્યા વાળી શાળામાં પસંદગી આપવાની રહેશે. દંપતિનાં અગ્રતાના કિસ્સામાં તેઓના પતિ/પત્ની જે તાલુકામાં નોકરી કરતા હોય તે તાલુકા સિવાયના અન્ય તાલુકાની જગ્યાની માંગણી કરી શકશે નહી. |
| **પ્રકરણ-L** | |
| **જિલ્લાફેર એકતરફી ઓફલાઇન બદલી :-** | |
| (૧) | જિલ્લાફેર એકતરફી ઓફલાઇન બદલી માટે હાલ જે જિલ્લામા વિભાગ/વિષય મુજબના પ્રતિક્ષા યાદીના રજીસ્ટર નિભાવેલ છે તે જીલ્લાના કિસ્સામા આ ઠરાવ થયાની તારીખ પછી જે તે વિભાગ/વિષયની પ્રતિક્ષા યાદીઓ પૂર્ણ ન થાય ત્યાં સુધી જિલ્લાફેર અરસપરસ સિવાયની કોઇ પણ પ્રકારની જિલ્લાફેર બદલી માટેની જે તે વિભાગ/વિષયની અરજીઓ સ્વીકારવાની રહેશે નહી. જે જિલ્લામાં જે તે વિભાગ/વિષયમાં જિલ્લાફેર એકતરફી ઓફલાઇન બદલી માટેની અગ્રતા/સામાન્ય શ્રેયાનતા યાદી પૂર્ણ થયા પછીના બીજા જ વર્ષથી જિલ્લાફેર એકતરફી ઓનલાઇન બદલીઓ કરવાની રહેશે. |



Scanned with CamScanner